# સુરત મહાનગરપાલિકા
## ટાઉન પ્લાનીંગ વિભાગ
### મુગલીસરા સુરત–

**ઈ–ટેન્ડર/ઈ–ઓકશન ટેન્ડર નોટીસ નં ડી.એમ.સી./ટીપીડી/૦૭/૨૦૧૮–૧૯**

સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો ફાળવવા બાબતનું ટેન્ડર ફોર્મ.

| | |
|---|---|
| ટેન્ડર નંબર | SMCADVTPD18190030 TO SMCADVTPD1819038 |
| સંપુર્ણ વિગતો તથા માહિતી સાથેનું ટેન્ડર ફોર્મ ઉપલબ્ધ | www.suratmunicipal.org (ફકત જાણકારી હેતું)<br>www.advisionsmc.com (ઓનલાઈન ટેન્ડરીંગ ઈ–ઓકશન પ્રોસેસ હેતુ) |

ઓન લાઈન બિડર રજીસ્ટ્રેશન, ઓન લાઈન ઈ–ટેન્ડરીંગ, ઈ–ઓકશનમાં બિડીંગ પ્રક્રિયા વિગેરે બાબતો માટેની ડિટેઈલ ટેન્ડર નોટીસ તથા ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

તા. ૨૪ /૦૮ /૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા
## ટાઉન પ્લાનીંગ વિભાગ
### મુગલીસરા સુરત–

**ઈ–ટેન્ડર/ઈ–ઓકશન ટેન્ડર નોટીસ નં ડી.એમ.સી./ટીપીડી/૦૭/૨૦૧૮–૧૯**

**સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો ફાળવવા બાબતનું ટેન્ડર ફોર્મ.**

| | |
|---|---|
| ટેન્ડર નંબર | **SMCADVTPD18190030 TO SMCADVTPD1819038** |
| સંપૂર્ણ વિગતો તથા માહિતી સાથેનું ટેન્ડર ફોર્મ ઉપલબ્ધ / સાઈન અપ | www.suratmunicipal.org (ફકત જાણકારી હેતું)<br>www.advisionsmc.com (ઓનલાઈન ટેન્ડરીગ ઈ–ઓકશન પ્રોસેસ હેતુ) |
| ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૩૧/૦૮ /૨૦૧૮<br>સમય : ૧૮:૦૦ કલાક સુધી. |
| રજીસ્ટર્ડ અને એલીજીબલ યુઝરે EMD ભરી ફાઈનાન્સીયલ ઓફર આપવાની છેલ્લી તારીખ | તા.૧૦/૦૯/૨૦૧૮<br>સમય : ૧૮:૦૦ કલાક સુધી. |
| ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન ઓનલાઈન પ્રોસેસ અને ટેન્ડરની અન્ય વિગતોની જાણકારી માટે | contact@advisionsmc.com<br>phone no.9638994844 |
| સફળ ટેન્ડર્સની ફાયનાન્સીયલ બીડ ખોલીને ઓનલાઈન ઈ–ઓકશન અનુસારની બિડીંગ પ્રક્રિયાની તારીખ અને સમય | પત્રકમાં જે તે ટેન્ડર સામે દર્શાવેલ તારીખ તથા સમયગાળા મુજબ (પત્રક–અ) |

# અનુક્રમણિકા


| *અ.નં.* | *વિગત* | *પાના નંબર* |
|---|---|---|
| ૧ | જાહેરાત પ્રદર્શિત કરવાના સ્થળો અંગે ઈ–ઓકશનીંગ તથા અન્ય વિગતો દર્શાવતુ પત્રક–૧ | ૦૪ |
| ૨ | સુચના દર્શાવતુ પત્રક–૨ | ૦૫ |
| ૩ | જાહેરાતના કામ અંગેની સામાન્ય શરતો તથા વિગતો દર્શાવતુ પત્રક–૩ | ૧૧ |
| ૪ | જાહેરાત પ્રદર્શિત કરવાના સ્થળોની વિગતો દર્શાવતું પત્રક–૪ | ૨૧ |

# જાહેરાત પ્રદર્શિત કરવાના સ્થળો અંગે ઈ–ઓકશનીંગ તથા અન્ય વિગતો દર્શાવતુ

## પત્રક –૧

| SR | e-Tender No. | No. Of Boards | Media /Package | Upset Price per year in Rs. | EMD (10% of Upset Price) in Rs. | eAuctioning Incremental Min Value in Rs. | eAuction Date | eAuction Time |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | SMCADVTPD1819030 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | | 10 AM TO 12PM |
| 2 | SMCADVTPD1819031 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | 12 /09/2018 | 01PM TO 03PM |
| 3 | SMCADVTPD1819032 | 6 | Hoardings Pkg | 11,00,000 | 1,00,000 | 10,000 | | 04PM TO 06PM |
| 4 | SMCADVTPD1819033 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | | 10 AM TO 12PM |
| 5 | SMCADVTPD1819034 | 7 | Hoardings Pkg | 13,00,000 | 1,30,000 | 10,000 | 14/09/2018 | 01PM TO 03PM |
| 6 | SMCADVTPD1819035 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | | 04PM TO 06PM |
| 7 | SMCADVTPD1819036 | 3 | Hoardings Pkg | 5,50,000 | 73,000 | 10,000 | | 10 AM TO 12PM |
| 8 | SMCADVTPD1819037 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | 15/09/2018 | 01PM TO 03PM |
| 9 | SMCADVTPD1819038 | 4 | Hoardings Pkg | 7,50,000 | 75,000 | 10,000 | | 04PM TO 06PM |

# ટેન્ડરરને સુચના
## પત્રક –૨
## સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ

1. ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે www.advisionsmc.com વેબ–સાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
2. રજીસ્ટર / એલીજીબલ યુઝર ધ્વારા ઓન–લાઈન ટેન્ડર ફોર્મ જોઈ/ડાઉનલોડ કરી શકાશે.
3. અધુરી માહિતી ભરેલ/અધુરૂ અપલોડ કરેલ, માગ્યા મુજબના પુરાવા રજુ થયેલ ન હોય, ઈ.એમ.ડી. ભરેલ નહિ હોય તેવુ ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.
4. રજીસ્ટ્રેશનની ઓન લાઈન પ્રક્રિયામાં ટેન્ડરર ધ્વારા અપાયેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર તથા રજીસ્ટર્ડ ઈ–મેઈલ એડ્રેસ તરીકે રહેશે, તેમજ તેના ઉપર જ તમામ મેસેજ મોકલાશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્ર વ્યવહાર તરીકે ગણવાના રહેશે. આવા રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર કે ઈ–મેઈલ એડ્રેસમાં ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની તથા www.advisionsmc.com માં અપડેશન કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
5. ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન મોડયુલ અંતર્ગતના તમામ સ્ટેજમાં ચુસ્તપણે તારીખ તથા સમયનું પાલન કરવાનું રહેશે.
6. અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ ટેન્ડર ભરવાની સમય મર્યાદામાં ભરવાની રહેશે.
   (એ) ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને નેટ બેંકીંગથી ઓન લાઈન પેમેન્ટ કરી શકાશે. જેની રીસીપ્ટ પેમેન્ટ થયેથી રજીસ્ટર્ડ ઈ–મેઈલ પર મળશે.
   (બી) પેમેન્ટ ઓપ્શનમાં ઈ–ચલનથી ઈ.એમ.ડી.અને ટેન્ડર ફી ભરવા માટે, ઈ–ચલન જનરેટ કરી તેનો પ્રીન્ટ આઉટ મેળવી ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધીમાં તે બેંકમાં ભરવાની રહેશે. જે અંગેની રીસીપ્ટ પેમેન્ટ થયેથી રજીસ્ટર્ડ ઈ–મેઈલ પર મળશે.
7. ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન અંગે માંગ્યા મુજબની વિગતો ઓન–લાઈન ભરી ડોકયુમેન્ટ સહિત 'ટુ બીડ ટેન્ડર સિસ્ટમ' મુજબ ટેકનિકલ બીડ અને ફાયનાન્સીયલ બીડ એમ બંને બીડ સમય મર્યાદમાં ઉપરોકત વેબસાઈટ પર અપલોડ કરવાનાં રહેશે.
8. ઓફરરે ટેન્ડરનાં સંદર્ભે ધંધાકીય બાબતો અંગે નીચે જણાવ્યા સહિતના જરુરી પુરાવા રજુ કરવાના રહેશે.

(A) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ/ ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ.

(B) પરમેન્ટ એકાઉન્ટ નંબર (પાના)ની નકલ.

(C) GST રજીસ્ટ્રેશનની નકલ.

(D) છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમ ટેક્ષ રીટર્ન ફાઈલ કર્યાની નકલ.

(E) ધંધા વ્યવસાયના પ્રકાર વિષયક ઓળખ સંબંધિત ડોકયુમેન્ટ દા.ત.પ્રોપરાઈટર હોય તો લેટરપેડ ઉપર સેલ્ફ ડેકલેરેશન/ ભાગીદારી પેઢી એ દરેક ભાગીદારના નામ સાથે, વિગતો સહિત પાર્ટનરશીપ ડીડ/ એચ.યુ.એફ. માટે કર્તાનાં પાવર ઓફ એટર્ની અને ડીડ/ પ્રાઈવેટ લિ. તથા લીમીટેડ કંપની માટે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ધ્વારા ઈસ્યુ કરાયેલ 'સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન'' (ધંધાના પ્રકાર મુજબ જે લાગુ પડતું હોય તે ડોકયુમેન્ટ કાયદેસરની ઓળખના પુરાવા તરીકે અપલોડ/ રજુ કરવાનાં થશે.)

(F) બિડર કોઈ પણ ઓર્ગોનાઈઝેશન / કેન્દ્ર સરકાર/ રાજય સરકાર/ મ્યુનિસિપલ કોર્પોશેન / લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ધ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવેલ ન હોવો જોઈએ. તે માટે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ રજુ કરવાનું રહેશે.

| INDIVIDUAL | SOLE PROPRIETORSHIP | HUF | PARTNERSHIP | COMPANY | SOCIETY | CO- OP. SOCIETY | TRUST |
|---|---|---|---|---|---|---|---|
| 1. Self Attested Copy of PAN Card of Individual | | | 1. Certified Copy of Partnership Deed | 1. Memorandum & Articles of Association | 1. Certificate of registration issued by Registrar of Societies | 1. Certificate of registration issued by Registrar of Co-operative Societies | 1. Certified copy of the Trust Deed |
| | | | 2. Documents to be signed by a Partner, on the basis of a resolution signed by all the other partners. | 2. Certificate of Incorporation | 2. Memorandum of Association and By- Laws. | 2. Bye- Laws | 2. Documents to be signed by a Trustee on the basis of a resolution signed by all the other Trustees. |
| | | | 3. Self Attested Copy of PAN Card of Partnership Firm | 3. Form 32 for all Directors | 3. Documents to be signed by a Chairman/ President, Authority given on the basis of resolution of the Managing Committee | 3. Documents to be signed by a Chairman/ President, Authority given on the basis of resolution of the Board of Directors | 3. Self Attested Copy of PAN Card of Trust |
| | | | | 4. Documents to be signed by a Director on the basis of a resolution of the Board of Director | | 4. Self Attested Copy of PAN Card of Society | |
| | | | | 5. Self Attested Copy of PAN Card of Company | | | |
| | | | | 6. Board Resolution letter | | | |

9. નિયત કરેલ હોર્ડિંગ બોર્ડ / ગેન્ટ્રીની ટેન્ડર સાઈટના સામેલ જે તે પેકેજવાળા (એક કરતાં વધારે ટેન્ડર સાઈટના કિસ્સામાં) લિસ્ટને ધ્યાનમાં લઈને જે તે ટેન્ડર ભરવાનું રહેશે. ટેન્ડર ખુલ્યા બાદ ચેન્જ ઓફ સાઈટની કોઈ જ માંગણી ગ્રાહય રાખવામાં આવશે નહિ.

10.સદર કામે એપ્રુવ કરવામાં આવેલ બીડરો ધ્વારા સમય મર્યાદામાં EMD ભરપાઈ કર્યેથી ઈ–ટેન્ડર ની પ્રક્રિયાથી ઓફર આપવા પાત્ર બનશે.વધુમાં, અપસેટ વેલ્યુથી ઓછી ઓફરવાળા ટેન્ડર ફોર્મ આપોઆપ રદ થયેલ ગણાશે.

11. પરવાનો ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે. આપેલ પરવાનો પરવાનેદારે ત્રણ વર્ષ માટે ફરજીયાત ચાલુ રાખવાનો રહેશે. ટેન્ડર કમ ઓકશનમાં ઓફર કરેલ પ્રથમ વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૧૦% નો વધારો કરી બીજા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે તેમજ બીજા વર્ષની વાર્ષિક લાયસન્સ ફીમાં ૧૦% નો વધારો કરી ત્રીજા વર્ષની લાયસન્સ ફી ભરવાની રહેશે.

12.પરવાનગીની મુદત દરમિયાન સરકારશ્રીના ધારાધોરણ મુજબનો GST જે પરવાનેદારે લાયસન્સ ફી સાથે ભરવાનો રહેશે. તેમજ સરકારી/ અર્ધ સરકારી તમામ પ્રકારનાં વખતો વખત લાગુ પડતાં કરવેરા પરવાનેદારે અલગથી ભરવાના રહેશે.

13.ઓન–લાઈન ઈ–ઓકશન પ્રક્રિયામાં માત્ર પ્રથમ ૦૫ (પાંચ) હાઈએસ્ટ ઓફર આપનાર બીડર્સ ભાગ લેવા પાત્ર બનશે. જેમા સૌથી વધુ ભાવની જાણ સફળ ટેન્ડરરને ઈ–મેઈલ/ SMS થી કરવામાં આવશે.

14.ફાયનાન્સીયલ બીડ ઓપનીંગ બાદ તુરંત જ ઈ–ઓકશન કરવામાં આવશે. બિડરને ઈ– ઓકશનની કાર્યવાહી દરમિયાન બીડ વેલ્યુ વધારા/ બીડ ક્રોસિંગની જાણ ઈ–મેઈલ / SMS થી થતી રહેશે. જે તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઈસ ઉપર ઈ–ઓકશન દરમિયાન બોલી/ ઓકશન તરીકે પ્રત્યેક વખતે પત્રક–અ મુજબ જે તે ટેન્ડરનાં નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેનાં ગુણાંકમાં બોલીની રકમ બીડ કરવાની રહેશે. ઈ–ઓકશન પુરા થવાનાં સમયગાળાની છેલ્લી ૧૫ (પંદર) મિનીટ દરમ્યાન બિડીંગ થતાં, બીડ પ્રક્રિયા બંધ થવાનો સમયગાળો વધુ ૧૫ (પંદર) મિનીટના સ્લેબમાં આપોઆપ વધતો જશે. આ મુજબ છેલ્લી ૧૫ મિનીટ કોઈ બીડ વધારા (હાયર બિડીંગ ઈન્સ્ટન્સ) વિના પસાર થયેથી બીડ પ્રક્રિયા પુર્ણ થયેલી જાહેર કરવામાં આવશે.

15.ઈ–ઓકશનની પ્રક્રિયા દરમ્યાન બીડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઈપણ બીડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહી માત્ર જે તે બિડર પોતે જે તે બીડમાં હાઈએસ્ટ બીડર હોવાનું પોતાના લોગ–ઈનમાં જાણી શકાશે.

16.ઓનલાઈન ઓકશનની પ્રક્રિયા સર્વર રિસ્પોન્સ ટાઈમ, ઈન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વગેરેને આધારીત હોઈ, બિડીંગ કરવા માટે બિડીંગ પુર્ણ થવાની છેલ્લી મિનીટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બીડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં આવેલ બિડીંગને લીધે જો કોઈ પ્રશ્નો ઉદભવે તો એ બાબતે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી બંધનકર્તા રહેશે.

17.ઈ–ઓકશનમાં આપેલ સમય મર્યાદામાં કોઈ ટેન્ડરર ધ્વારા ભાગ લેવામાં આવેલ ન હોય તો ઈ–ઓકશનની કાર્યવાહી પુર્ણ ગણી ઈ–ટેન્ડરના સૌથી વધુ ભાવવાળા ટેન્ડરરના ભાવ ફાઈનલ માનવામાં આવશે તથા ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની કાર્યવાહી પુર્ણ થયેલ હોવાનું ગણવામાં આવશે.

18.સિંગલ ઓફર મળવાના સંજોગોમાં સિંગલ ઓફર ગ્રાહય રાખવા અંગે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

19.ઈ–ઓકશનના અંતે જે તે ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ સેલ્ફ એટસ્ટેડ પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન–૭ (સાત) માં ટાઉન પ્લાનીંગ વિભાગ, મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે રજુ કરવાની રહેશે. એજન્સી ધ્વારા ટેન્ડર કમ ઓકશનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પુર્ણ થતાં સુધીના કોઈ પણ તબકકે પોતાના ઓફર પરત ખેંચી શકાશે નહી. એજન્સી  ધ્વારા નિયત સમયમાં સિકયોરીટી ડીપોઝીટ તેમજ લાયસન્સ ફી ભરવાની રહેશે, તેમ ન કરવામાં આવે અથવા જરૂરીયાત મુજબનાં ડોકયુમેન્ટસ રજુ કરવામાં નહી આવે, તો હાઈએૅસ્ટ  બિડરને ડિસ્કવોલીફાઈડ જાહેર કરવામાં આવશે. આવા ડિસ્કવોલીફાઈડ બિડરની ઈ.એમ.ડી. સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરાશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

20.સફળ ટેન્ડરર દ્વારા ટેન્ડરનો પરવાનો મેળવ્યા બાદ અધવચ્ચે ટેન્ડર છોડવામાં આવે તે સંજોગોમાં, સદર ટેન્ડર અન્વયે ભરવામાં આવેલ સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

21.ઉપરોકત શરત નં.(૦૭) માં ઉલ્લેખિત હાર્ડ કોપી મળ્યા બાદ જ સક્ષમ સત્તાની મંજુરીની કાર્યવાહી કરવામાં આવશે. જે મંજુરી મળ્યા બાદ, ટેન્ડરરને સીકયોરીટી ડીપોઝીટ તથા પ્રથમ વર્ષની લાયસન્સ ફી જમા કરાવવા અંગે સુરત મહાનગરપાલિકા તરફથી લેખિત/ ઈ–મેઈલ/SMS સિસ્ટમથી જાણ કર્યેથી દિન– ૭ માં (રજા સિવાયનાં કામકાજના દિવસોમાં) ઓફર કરેલ વાર્ષિક લાયસન્સ ફી ના ૫૦% લેખે સીકયોરીટી ડીપોઝીટ તથા પ્રથમ વર્ષની લાયસન્સ ફી મુજબ ત્રિમાસિક લાયસન્સ ફીની રકમ ભરવાની રહેશે. સદરહું રકમો મોડી ભરવામાં આવશે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે  ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

22. સીકયોરીટી ડીપોઝીટ તથા પ્રથમ વર્ષની ત્રિમાસિક લાયસન્સ  ફી ની રકમ ઉપરોકત સમયમર્યાદામાં ભરપાઈ કર્યા બાદ જ પરવાનો આપવામાં આવશે તથા તે અંતર્ગતની સાઈટો પર પરવાનો, જાહેરાત કરવાપાત્ર બનશે.

23.સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા પાડેલ ટેન્ડર અન્વયે પ્રથમ હાઈએસ્ટ બિડર ડીસ્કવોલીફાઈડ થાય તો પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરની ઈ.એમ.ડી. ની રકમ જપ્ત કરી, ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે. જેમાં સેકન્ડ હાઈએસ્ટ બિડરને કે ત્યારબાદ થર્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટના ભાવે ઓફર આપવાના કામે નેગોશીયેશન માટે જાણ કરવામાં આવશે. જેમાં સેકન્ડ/ થર્ડ હાઈએસ્ટ બિડર ધ્વારા સંમતિ આપ્યેથી તેઓને સદર ટેન્ડરનો પરવાનો આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે તથા સદર ટેન્ડર અંગેની તમામ શરતો લાગુ પડશે. આ બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

24.સફળ થયેલ બીડર/ ટેન્ડરર ધ્વારા ઉપરોકત રકમો સમયમર્યાદામાં જમા કરાવવામાં નહી આવેતો તેઓને સદર કામગીરી કરવામાં રસ નથી તેમ માની પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરની ઈ.એમ.ડી. ની રકમ જપ્ત કરી, ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે. વધુમાં, સદર કામે આવેલ સેકન્ડ હાઈએસ્ટ બીડરને પ્રથમ હાઈએસ્ટ બીડરના ભાવે કામગીરી કરવા સહમતી આપવા જણાવવામાં આવશે. જે અન્વયે સેકન્ડ હાઈએસ્ટ બીડર પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરની રકમ મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, સદર કામે આવેલ થર્ડ હાઈએસ્ટ બીડરને પ્રથમ હાઈએસ્ટ બીડરના ભાવે કામગીરી કરવા સહમતી આપવા જણાવવામાં આવશે. જે અન્વયે થર્ડ હાઈએસ્ટ બીડર પણ પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરની રકમ મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, ટેન્ડર રીટેન્ડર કરવાનું રહેશે.

25.ઈ– ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ ત્રણ હાઈએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુર થયેલ બિડરને એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયેથી તેઓ ધ્વારા નિયમ મુજબ સિકયુરીટી ડીપોઝીટ ભરપાઈ કર્યેથી ત્યારબાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે. પ્રથમ ત્રણ બિડરો સિવાયનાં અન્ય બિડરોની ઈ.એમ.ડી. ટેન્ડર કમ ઓકશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુરી મળ્યેથી પરત કરવામાં આવશે.

26.પ્રત્યેક વર્ષની લાયસન્સ ફી મુજબની ત્રિમાસિક લાયસન્સ ફી એડવાન્સમાં ઓનલાઈન ભરવાની રહેશે. નિયત સમયમાં જણાવેલ લાયસન્સ ફી ની રકમ ભરપાઈ કરવામાં નહીં આવેતો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

27.ટેન્ડરર ધ્વારા સમયસર લાયસન્સ ફી ભરવામાં ન આવે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા કોઈપણ કારણથી સ્ટ્રકચર ખસેડવા જાણ કર્યા છતાં ન ખેસેડે, ટેન્ડરની કોઈ પણ શરતનું પાલન ન કરે તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે સદરહું બોર્ડ સ્ટ્રકચર સહિત દૂર

કરી શકશે. આ અંગે પેનલ્ટી સહિતનો વહીવટી ચાર્જ પરવાનેદાર પાસેથી વસુલ કરી શકાશે અથવા સદર બોર્ડનો સ્ટ્રકચર સહિતનો કબ્જો સુરત મહાનગરપાલિકા મેળવી, તેની ઉપર જાહેરાતના હકકો ફાળવવા હકકદાર રહેશે. જે અન્વયે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

28.CGDCR–૨૦૧૭ સંદર્ભે જે કોઈ નિર્ણય લેવાય કે ફેરફારો થાય અને તે સંદર્ભે સુરત મહાનગરપાલિકા જે નિર્ણય કરે તેને આધિન, આ ટેન્ડર ઓકશનથી આપવામાં આવનાર પરવાનો આપ્યો હોવાનું ગણવાનું રહેશે.

29.ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશનની કાર્યવાહી અંગે જરૂર જણાય તે મુજબની બાબતે જરૂરી ફેરફાર/સ્પષ્ટતા ઓન લાઈન ટેન્ડર ડોકયુમેન્ટમાં કરાય તેની જાણ ઈ–મેઈલ/SMS થી કરવામાં આવશે.

30. ઈ–ટેન્ડર કમ ઈ–ઓકશન અંગે કે તે બાદ કોઈપણ વાદ વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઈ વિસંગતતા જણાઈ આવશે તો તે અંગે મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. ટેન્ડર ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે મ્યુનિસિપલ કમિશનરશ્રીની મનસુફી પર નિર્ભર રહેશે.

31.સદર કામે ઓફર આપનાર બીડરે જે તે પેકેજમાં નિયત કરેલ અપસેટ વેલ્યુ અથવા તેથી વધુ રકમની નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં ઓફર આપવાની રહેશે. [દા.ત. સદર કામની અપસેટ વેલ્યુ રૂા.૧૨,૫૦,૦૦૦/– અન્વયે ઓફર વેલ્યુ રૂા.૧૨,૬૦,૦૦૦/–, રૂા.૧૨,૭૦,૦૦૦/–...... (Ineremental min.value = રૂા.૧૦,૦૦૦/– ના ગુણાંકમાં કરવાની રહેશે.)]

**ટેન્ડરરની સહીઃ–**

**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

## પત્રક–૩

# સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ

## [A] સામાન્ય શરતો (General Condition):–

(૧) ઈજારદારે ઓફર આપતા પહેલા ટેન્ડરમાં દર્શાવેલ લોકેશન પરના હયાત તમામ માધ્યમોનું નિરીક્ષણ કરેલ છે તથા સ્થળ પરિસ્થિતિ રૂબરૂમાં જોયા હોવાનું માનવામાં આવશે. આ બાબતે પાછળથી કોઈ તકરાર ચાલશે નહી.

(૨) ટેન્ડરમાં જણાવ્યા મુજબ સુરત મહાનગર પાલિકાની જગ્યા/મિલ્કતો પર હોર્ડીગ્સ મારફતે જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો આપવા માટેની કામગીરી છે. આ હકકો આપવાથી સુરત મહાનગર પાલિકાની આ જગ્યા/મિલ્કતો પર આ સિવાય અન્ય પ્રકારની જાહેરાતો પ્રદર્શિત કરવાના હકકોની ફાળવણી કરવાના સુરત મહાનગરપાલિકાના હકકો અબાધિત રહે છે.

(૩) ટેન્ડરમાની તમામ શરતો પૈકી કોઈ પણ શરતનું પાલન જો ઈજારદાર તરફથી કરવામાં ન આવે તો દિન–૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરવામાં આવશે અને આ તબકકે કરેલ કામગીરી અંગે કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

(૪) જો ઈજારદાર તેમને સોંપવામાં આવેલ ઈજારાની નિયત સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા પોતાનો ઈજારો રદ કરવા ઈચ્છે તો તેઓએ ઓછામાં ઓછા ૬ **(છ) માસ** અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે. તેઓની રજુઆત જો ગ્રાહય રાખવામાં આવે અને તે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી જાણ કર્યેથી ઈજારો રદ થયેલો ગણાશે અને ત્યારબાદ ઈજારદારે તમામ માધ્યમો પરથી જાહેરાતો દૂર કરવાની રહેશે. ઈજારદારે અંશતઃ ઈજારો રદ કરી શકાશે નહી. તેઓને સોંપવામાં આવેલ પૂરેપૂરી કામગીરી માટે ઈજારો રદ કરવામાં આવશે. ઈજારો રદ કરવો કે કેમ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે.

(૫) ઈજારાની મુદત દરમ્યાન જાહેર હિતમાં અથવા અન્ય કોઈ પણ કારણોસર જરૂર જણાય તો મહાનગરપાલિકા ઈજારદારને ટુંકી નોટીસ આપી ઈજારો રદ કરી શકાશે. તેવા પ્રસંગે ઈજારદારને કોઈપણ પ્રકારનું વળતર કે નુકશાની માંગવાનો અધિકાર રહેશે નહી તથા ઈજારદારે તાત્કાલીક પોતાની જાહેરાતો સ્વખર્ચે દૂર કરી તમામ માધ્યમોનો કબજો સારી હાલતમાં સુરત મહાનગરપાલિકાને સોંપવાનો રહેશે. આવા પ્રસંગે પરવાનો લેનારને કોઈપણ જાતનું વળતર કે

નુકશાની માંગવાનો હક કે અધિકાર રહેશે નહી તેમજ પરવાનો લેનારે તાત્કાલિક પોતાની જાહેરાતો દૂર કરી દેવાની રહેશે.

(૬) સુરત મહાનગરપાલિકાના ઈજારાના સમયગાળા દરમ્યાન રોડ વાઈડનીંગ, રીપેરીંગ / મેઈન્ટેનન્સ કે અન્ય વિકાસના કામોમાં નડતરરૂપ જણાય ત્યારે અથવા આયોજન / તાંત્રિક અગરતો અન્ય કોઈ કારણસર જરૂર જણાય ત્યારે જે કોઈ હોર્ડિંગ્સ / બોર્ડ દુર કરવાના થાય ત્યારે ઈજારદારે જાણ થતાની સાથે તાત્કાલિક જાહેરાતના જે કંઈ માધ્યમો હયાત હોઈ તે તમામ દુર કરી દેવાના રહેશે. અને જેટલો સમયગાળા માટે જાહેરાતો પ્રદર્શિત ન થઈ શકે તેટલા સમયગાળા માટે સમપ્રમાણમાં લાયસન્સ ફી ની પરત ચુકવણી કરવામાં આવશે. પરંતુ તેવા સંજોગોમાં અન્ય કોઈ જગ્યાએ જાહેરાતના હકકો માટે વૈકલ્પિક વ્યવસ્થા માટે ઈજારદાર હકકદાર રહેશે નહી કે કોઈપણ પ્રકારનો વાંધો ઉપસ્થિત કરી શકશે નહી.

(૭) સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત કોઈ શરતોમાં ફેરફાર થાય અગર તો કોઈ નવી શરતો ઉમેરાય તો તે તમામ પરવાનેદારને માન્ય તથા બંધનકર્તા રહેશે તથા કોઈપણ શરતોના અર્થઘટન માટે મ્યુનિસીપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) પરવાનેદાર તથા મહાનગરપાલિકા વચ્ચે કોઈપણ તકરાર ઉભી થશે તો મ્યુનિપસીલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) જાહેરાતના બોર્ડના હકકો અન્ય કોઈપણ એજન્સીને પેટા ભાડેથી આપી શકશે નહી તેમ છતા જો તેમ થયેલ હોવાનું જણાશેતો સુરત મહાનગરપાલિકા તેવા બોર્ડ વિના નોટીસે, ટેન્ડરરના ખર્ચે અને જોખમે દુર કરી શકશે અને તે અંગે કોઈ વળતર મેળવવા તેઓ હકકદાર રહેશે નહી.

(૧૦) ટેન્ડરની તમામ શરતોનું પાલન પરવાનેદારે પરવાનાની મુદત દરમિયાન કરવાનું રહશે. જો કોઈ શરતનો ભંગ કરવામાં આવશે તો શરત દીઠ અને બોર્ડ/ગેન્ટ્રી દીઠ રૂા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) જે તે પરવાનેદારે મહાનગરપાલિકાની તિજોરીમાં જમાં કરાવવાના રહેશે. જે બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

## [B] ઈએમડી (બાનાની રકમ) સિકયુરીટી ડીપોઝીટ, કરારનામું લાયસન્સ ફી, ટેક્ષ / ડયુટી બાબતઃ–

(૧) સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ કામગીરી અંગેનાં કરાર પાલનની જામીનગીરી તરીકે સુરત મહાનગરપાલિકા પાસે અનામત તરીકે રાખવામાં આવશે અને ફાળવણીની શરતોનું પાલન થયું હશે તો ફાળવણીની મુદત પુરી થયેથી ઈજારદારને ઓનલાઈન ભરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે.

(૨) ટેન્ડર મંજુર થયેથી એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી **દિન–૦૭ (સાત)** માં ત્રિમાસિક લાયસન્સ ફી ઓનલાઈન ભરવાની રહેશે. નિયત લાયસન્સ ફી / પરવાના ફી ભરવામાં નિયત સમયમર્યાદાથી વધુ સમય લાગે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

પરંતુ જો ઈજારદાર એલોટમેન્ટ લેટર મળ્યાની તારીખથી **૩(ત્રણ) માસમાં** ત્રિમાસિક લાયસન્સ ફી ની રકમ વિલંબીત પેનલ્ટી સહિત ભરવામાં નિષ્ફળ જશે તો તેમની ઈ.એમ.ડી. / સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા અન્ય કોઈપણ જમા રકમ સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા સ્થળ પર કરવામાં આવેલ / થયેલ કામગીરી, માલસામાનનો પ્રત્યક્ષ કબજો લઈ શકશે તેમજ તે બાબતે કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આ સંજોગોમાં ઈજારદારનું ટેન્ડર દફતરે કરી, ટેન્ડરના હકકો રદ કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા અન્ય ઈજારદાર / વ્યકિત / સંસ્થા / એજન્સીને આ કામગીરી સોંપવા માટે હકકદાર રહેશે.

(૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ વાર્ષિક લાયસન્સ/પરવાના ફી મુજબની ત્રિમાસિક લાયસન્સ ફીની રકમ ઈજારદારે નિયત સમયમાં / સમયાંતરે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(૪) પ્રથમ ત્રિમાસિક લાયસન્સ ફી પછીની દરેક ત્રિમાસિક લાયસન્સ ફીની રકમ અગાઉથી ઓનલાઈન ભરવાની રહેશે અને જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા સદરહુ જાહેરાત વગર નોટિસે ઉતારી શકશે તેમજ ઈજારો રદ કરી જાહેરાતના તમામ માધ્યમોનો કબજો લઈ શકશે અને તે બાબતની કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આવી કાર્યવાહી કરતાં પહેલા સુરત મહાનગરપાલિકા આવી ફી માટે માંગણી કરવા અથવા ઈજારદારને ખબર આપવા બંધાયેલ નથી.

(૫) ઈજારદારની ઈજારાના નિયત સમયગાળા દરમ્યાન જાહેરાતના માધ્યમોની સાઈઝ, સંખ્યા અથવા પ્રકારમાં સુરત મહાનગરપાલિકાની મંજુરીથી ઘટાડો / વધારો / ફેરફાર થાય તો તદ્નુસાર મંજુર લાયસન્સ ફીમાં પ્રમાણસર ઘટાડો / વધારો કરવા સુરત મહાનગરપાલિકા અને ટેન્ડરર બંધાયેલા રહેશે. આવા પ્રસંગોએ સુરત મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી તરફથી નિર્ણય / હુકમ થયેથી આગામી ત્રિમાસિક લાયસન્સ ફીની રકમમાં પ્રમાણસર વધારો / ઘટાડો કરવામાં આવશે અને જયાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી નિયત લાયસન્સ ફીની રકમ ઈજારદારે સમયસર ભરવાની રહેશે.

ઈજારદાર જો નવા પ્રકારના જાહેરાતના માધ્યમો સૂચિત કરે અને તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રાહય રાખવામાં આવે તો તે માટે નિયત થાય તે મુજબ મંજુર લાયસન્સ ફીમાં સુરત મહાનગરપાલિકા પ્રમાણસર વધારો કરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે.

(૬) આવેલ ઓફરો પૈકી સ્વીકારવામાં આવેલ ઓફર સિવાયના અન્ય ટેન્ડરરોએ ટેન્ડર સાથે જમા કરાવેલ બાનાની રકમ વગર વ્યાજે પરત આપવામાં આવશે. સફળ ટેન્ડરરની બાનાની રકમ જરૂરી સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરાયા બાદ જ પરત આપવામાં આવશે.

(૭) ઈજારદારને ફાળવેલ જગ્યા / માધ્યમો ઉપર જાહેરાત કરવા સબંધી કોઈ પણ કાયદા હેઠળ રાજય સરકાર/કેન્દ્ર સરકાર અથવા કોઈ લાગતી વળગતી સરકારી/અર્ધસરકારી એજન્સીની મંજુરી/પરવાનગી/ લાયસન્સની જરૂર હોય તો તે ઈજારદારે પોતે જ મેળવવાની રહેશે. સુરત મહાનગરપાલિકાની સદર બાબતે કોઈ જવાબદારી રહેતી નથી.

(૮) એલોટમેન્ટ લેટર મળ્યેથી લાયસન્સ ફીની રકમની સાથો સાથ કેન્દ્ર સરકાર / રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતાં ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/વેરા/ડયુટી વિગેરે ભરવાની / આપવાની જવાબદારી ઈજારદારની રહેશે.

કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમો / કાયદામાં ફેરફારો થવાને કારણે કે નવા કાયદાઓ / નિયમોને કારણે ઈજારાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ / ચાર્જ / ડયુટી / વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે ભરપાઈ કરવાની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો સરકારશ્રી તરફથી કોઈ લેણું આવશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વસુલ કરવા હકદાર રહેશે. ઈજારદારે ભરવાની થતી ટેક્ષ / ડયુટી / વેરા / ચાર્જ વિગેરે તથા સરકારી ધારાની રકમ લાયસન્સ ફીની રકમ સાથે જ ભરપાઈ કરવાની રહે છે.

(૯) ટેન્ડર મંજુર થયેથી પરવાનો લેનારે મહાનગરપાલિકાના મુસદ્દા પ્રમાણે સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો આ ટેન્ડરનો ભાગ ગણાશે અને તે એગ્રીમેન્ટમાં જણાવેલી પરવાનાની શરતોનું પાલન કરવા પરવાનો લેનાર બંધાયેલ રહેશે અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની રકમ જપ્ત કરવામાં આવશે અને મ્યુનિસીપલ કોર્પોરેશનને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકશાન થશે તે નુકશાનીની રકમ મહાનગરપાલિકા પરવાનો લેનાર પાસેથી કાયદેસર વસુલ કરવાને હકકદાર રહેશે. પરવાનેદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યો છે કે નહી અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે બાબતનો મ્યુનિસીપલ કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે તે પરવાનેદારને બંધનકર્તા રહેશે.

**[C] સમયમર્યાદા બાબતઃ–**

(૧) સદર કામે પ્રથમ તબકકામાં **૦૩ (ત્રણ) વર્ષની મુદત** માટે ફાળવણી કરવામાં આવે છે. આ પરવાનાની મુદત એલોટમેન્ટ લેટરની તારીખથી **એક માસ બાદ ૦૩ (ત્રણ) વર્ષ સુધીની** રહેશે. જો ઈજારદાર સદર ફાળવણીની મુદત વધારવા માંગતા હોયતો નિયત મુદત પૂર્ણ થવાની તારીખના ઓછામાં ઓછા ૯(નવ) માસ પહેલાં મુદત વધારવા બાબતે લેખીતમાં નવી ઓફર સાથે અરજી કરવાની રહેશે. ઈજારદાર એક્ષટેન્શનની (મુદત વધારવાની) માંગણી કરે તો તેમને વધુમાં વધુ **૦૬ (છ) માસનો** વધારો આપી શકશે. પ્રથમ **૦૩ (ત્રણ)** વર્ષ દરમ્યાન ઈજારદારની કામગીરી સંતોષકારક હશે તો જ મુદતમાં વધારો (Extension) આપવા સુરત મહાનગરપાલિકા નિર્ણય કરશે. ઈજારદારની નવી ઓફર ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાય તેવી શરતો/લાયસન્સ ફી મુજબ મુદત વધારો કરવામાં આવશે. મુદત વધારવી કે કેમ? તથા કેટલા સમય માટે વધારવી તેના નિયમનની સઘળી સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે અને જો કોઈ કેસમાં મુદત વધારવામાં આવે કે ન આવે તો તેવા કેસમાં સુરત મહાનગરપાલિકા કોઈપણ ખુલાસા કે કારણો આપવા બંધાયેલ નથી.

(૨) ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતા પહેલા રદ કરવાનો મહાનગરપાલિકાને અબાધિત અધિકાર રહેશે. જેને માટે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને કામગીરી કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો મહાનગરપાલિકા માટે ફરજીયાત નથી આવી પરિસ્થિતીને ધ્યાને લઈ મુદતમાં વધારો કરી આપવો કે કેમ ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે અને આપેલ નિર્ણય અંગેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૪) ઈજારાનો સમયગાળો પૂર્ણ થયેથી ઈજારદાર તરફથી લગાડવામાં આવેલ તમામ જાહેરાતો / લખાણ / લોગો વિગેરે પોતાના ખર્ચે દૂર કરી તમામ માધ્યમોનો કબજો સારી હાલતમાં સુરત મહાનગરપાલિકાને સોંપવાનો રહેશે. જો ઈજારદાર દ્વારા પોતાની જાહેરાતો / લખાણ / લોગો વિગેરે દૂર કરવામાં વિલંબ થશે તો તે તમામ ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા દૂર કરી / કરાવી જુદા જુદા તમામ માધ્યમોનો કબજો લઈ લેશે અને તે અંગેનો જે કંઈ ખર્ચ થાય તે તથા આ મુજબ કરવામાં વધારાનો સમય લાગે તે માટે પણ સંપ્રમાણ વધારાની લાયસન્સ ફી / ચાર્જ સુરત

મહાનગરપાલિકામાં જમા સીકયુરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

**[D] સંખ્યા બાબતઃ–**

(૧) આ કામે નિયત માધ્યમોની વિગતો / સંખ્યા **પત્રક–૪** માં જણાવ્યા મુજબ છે.

(૨) શહેર વિસ્તારમાં બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજના બંને બાજુ ૬૦૦ મી. સુધીના વિસ્તારમાં આવેલ જાહેરાતના માધ્યમો સદર ટેન્ડર પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવેલ છે જેની નોંધ લેવી.

(૩) સુરત મહાનગરપાલિકા જરૂર જણાયે ટેન્ડરમાં સુચવેલ / દર્શાવેલ હોર્ડિંગ્સ/ બોર્ડના માધ્યમ વધારી /ઘટાડી શકશે અથવા માધ્યમોની સંખ્યામાં ફેરફાર કરી શકશે. ટેન્ડરમાં નિયત હોર્ડિંગ્સ/ બોર્ડના માધ્યમોની સંખ્યા કરતા વધારાના માધ્યમો પર જાહેરાત પ્રદર્શિત કરવાની થાય તો તે માટે ઈજારદાર સુરત મહાનગરપાલિકાની સંમતિ મેળવી કરી શકશે. વધારાના ઉભા કરવાના / બનાવવાના થતા જાહેરાતના બોર્ડ માટે મંજુર લાયસન્સ ફી મુજબની વધારાની લાયસન્સ ફીની રકમ પ્રમાણસર ભરવાની રહેશે.

(૪) આ મુજબની જો કોઈ માધ્યમની સાઈઝમાં પણ જો વધારો / ઘટાડો થઈ શકે તેવી પરિસ્થિતિમાં ઈજરાદારે સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ પોતાના ખર્ચે અને જોખમે વધારો / ઘટાડો કરી આપવાનો રહેશે. આ પ્રમાણે માધ્યમની સાઈઝમાં થતાં વધારા / ઘટાડા અનુસારના ક્ષેત્રફળ મુજબ લાયસન્સ ફીમાં સંપ્રમાણ વધારો / ઘટાડો કરવાનો રહેશે.

(૫) કામગીરીના અમલીકરણ વખતે સ્થાનિક જરૂરીયાતો અગર તો કોઈ અન્ય તાંત્રીક કારણોસર હોર્ડિંગ્સ/બોર્ડના માધ્યમો દુર કરવામાં આવે તો એવી ઘટાડેલી સંખ્યાઓને અનુરૂપ ઈજારદારને લાયસન્સ ફીમાં સપ્રમાણસર ઘટાડો આપવામાં આવશે. પરંતુ તેના બદલામાં ઈજારદાર ફાળવણીની સમયમર્યાદા, નફામાં નુકશાની (Loss in Profit) વિગેરેની કોઈ રજુઆત / માંગણી કરી શકશે નહી. જાહેરાતના માધ્યમોની સંખ્યા / સાઈઝમાં વધારો થાય તો મંજુર થયેલ ભાવ / શરતોને આધીન ઈજારદાર કામગીરી કરી શકશે.

(૬) ટેન્ડરના સમયગાળા દરમ્યાન ટેન્ડરમાં દર્શાવ્યા સિવાયના નવા જાહેરાતના માધ્યમો (હોર્ડિંગ્સ/ બોર્ડ) ઉભા કરવામાં આવે અને તે ફાળવી શકાય તેમ હોય તો આ નવા માધ્યમો માટેની ફાળવણી ઈજારદારને આજ ટેન્ડરના ભાવ, શરતો તથા સમયમર્યાદાને આધિન રહેશે. આ બાબતે જો ઈજારદાર સંમત ન હોય તો તે માધ્યમોની ફાળવણી અન્ય ઈજારદાર / એજન્સીને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે ભાવો, શરતો અને સમયમર્યાદા માટે થઈ શકશે. તેમાં ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહી.

(૭) કેન્દ્ર/રાજય સરકારશ્રીનાં કે સુરત મહાનગરપાલિકાના કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબના હોર્ડિંગ્ઝ/માધ્યમો ઉપર જાહેરહિતમાં જાહેરાત કરી શકશે. આ બાબતે જે તે પરવાનેદાર વાંધો કે તકરાર કરી શકશે નહિ.

**[E] બાંધકામ / ઈરેકશન (Erection) તથા નિભાવ અને જાળવણી (મેઈન્ટેનન્સ) બાબતઃ–**

(૧) જાહેરાતના માધ્યમો (હોર્ડિંગ્સ/બોર્ડ) પર જાહેરાતો લગાડવાની કામગીરી દરમ્યાન કે માલ–સામાનની હેરફેર કરતી વખતે કામદારો, આજુબાજુના રહીશો, વાહન વ્યવહાર કે અવર જવર કરનાર નાગરીકોને અસર ન થાય તેમજ નુકશાન ન પહોંચે તેમજ કોઈ અકસ્માત ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે.સંભવિત અકસ્માતની શકયતાઓ સામે તમામ પ્રકારના તકેદારીના પગલા લેવાની જવાબદારી ઈજારદારની છે. આ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત / જાનહાની થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની છે.

(૨) આ કામગીરી દરમ્યાન (હોર્ડિંગ્સ/બોર્ડ) તથા સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન નહી પહોંચે તેની જવાબદારી ઈજારદારની રહેશે અને તેને કોઈ નુકશાન થશે તે સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વળતર લઈ શકશે.

(૩) આ તમામ માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા જે કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૪) જાહેરાતના બોર્ડ તથા તમામ માધ્યમોને કોઈપણ નુકશાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૫) જાહેરાત બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ વિગેરેની જાળવણી તથા સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે તથા તે અંગે કોઈ વળતર આપવાનું થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) અકસ્માતથી પડી જાય તેવા તકલાદી અગર ભયજનક હોય તેવા માધ્યમો રાખવા દેવામાં આવશે નહી અને જો તેમ થયેલ જણાશે તો તેવા માધ્યમો મહાનગરપાલિકા વગર નોટિસે પરવાનેદારના ખર્ચે અને જોખમે ઉતરાવી નાંખશે તેમજ તે અંગેની કોઈપણ રકમ રીફન્ડ આપવામાં આવશે નહી. સ્ટ્રકચરલી સ્ટેબલ તથા તમામ પ્રકારે સલામત હોર્ડિંગ્સ/તમામ માધ્યમો રાખવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહે છે. આ સંબંધે કોઈપણ અકસ્માત/નુકશાન/જાનહાની સર્જાશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૭) જાહેરાતના હોર્ડિંગ્સ/બોર્ડના માધ્યમો મજબુત અને લગાડતા પહેલા કાટ ન લાગે તેવા રંગથી રંગેલું અને તે સહેલાઈથી ઉતારી શકાય તેવી રચનાવાળું હોવું જોઈએ.

(૮) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની મિલકત/ થાંભલા રસ્તા પર રંગ રોગાન/ મરામતનું કામ કરે ત્યારે પરવાનેદાર તેમના જાહેરાતના હોર્ડિંગ્સ/બોર્ડ ઉતારવાના રહેશે. જો તે ઉતારવામાં નહિ આવે તો કિયોસ્ક / જાહેરાત હોર્ડિંગ્સ/બોર્ડ થી ઢંકાયેલા અને રંગાયેલા ભાગનું કામ મ્યુનિસીપલ કોર્પોરેશનને માન્ય કરેલ રંગથી પરવાનેદારે તેમના ખર્ચે અને જોખમે કરી આપવાનું રહેશે અને જો તેમ નહી થાય તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે કરી શકશે.

(૯) ઈજારદારે જાહેરાતના હયાત તમામ માધ્યમોનું નિયમિત રૂપે મેઈન્ટેનન્સ કરવાનું રહેશે. હોર્ડિંગ્સ/બોર્ડની કામગીરી શરૂ કરતાં પહેલાં સ્ટાન્ડર્ડ કવોલીટીના એન્ટીકોરોઝીવ (Anti-Corrosive) પેઈન્ટ વડે રંગવાના રહેશે અને પ્રતિ વર્ષ આ મુજબ કલરકામ કરતાં રહેવાનું રહેશે.

(૧૦) એલોટમેન્ટ લેટર મળ્યેથી સાઈટ પર ઉભા કરવામાં આવેલ હોર્ડીગ્સ / બોર્ડ ની સ્ટ્રકચરલ એન્જીનીયર પાસેથી ચકાસણી કરાવવી સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવા સહિતની સલામતી અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની છે.

(૧૧) ઈજારદારે હોર્ડિંગ્સના સ્ટ્રકચર માટે માન્ય સ્ટ્રકચરલ ઈજનેર પાસેથી વધુમાં વધુ દર ૦૨ (બે) વર્ષના અંતરે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી મેળવવાનું તથા ખાસ વિપરીત/આકસ્મિક સંજોગો સર્જાય ત્યારે/ જરૂર જણાયે સ્ટ્રકચરની સલામતી અંગેની ઉપર મુજબ જરૂરી ચકાસણી કરી સર્ટી મેળવવાનું રહેશે તથા માન્ય સ્ટ્રકચર ઈજનેરશ્રી સુચવે તે પ્રમાણેના સલામતીના પગલા/રીપેરીંગ/મરામત/સ્ટ્રેન્ધનીંગ ઈજારદારશ્રીએ કરાવવાનું છે.

(૧૨) હોર્ડિંગ્સ/બોર્ડના સ્ટ્રકચર,નટ–બોલ્ટ, ફિકચર્સ (Fixtures) વિગેરે દર મહિને ચેક કરવાના રહેશે અને તેને જરૂર જણાયે ટાઈટ કરી આ માધ્યમોને સલામત રાખવાના રહેશે. અગર તો નટ–બોલ્ટ કે ફિકચર્સ (Fixtures) બદલવા જોગ જણાય તો તે ઈજારદારે તાત્કાલિક પોતાના ખર્ચે બદલવાના રહેશે.

(૧૩) કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈ માધ્યમ તૂટી / નમી / વળી / પડી જાય નહીં તેની પૂરતી જાળવણી / કાળજી ઈજારદારે અચુક રાખવાની છે અને જો કોઈ માધ્યમને અસર થાય તો તેને ફરી પાછા મૂળ સલામત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની છે.

(૧૪) વરસાદ–વાવઝોડા કે કુદરતી આફતોના પ્રસંગોએ આ તમામ માધ્યમોની ખાસ ચકાસણી કરવાની રહેશે અને તેની વિશેષ જાળવણી કરવાની રહેશે. જે દરમ્યાન કોઈ અકસ્માત થાય તો તેની પણ સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૫) ટેન્ડર પત્રક માં દર્શાવેલ સાઈઝનું જ બોર્ડ મુકવાનું રહેશે અને સદર બોર્ડની સૌથી નીચેની ધાર જમીન / રોડ/ ફૂટપાથ લેવલથી ઓછામાં ઓછી ૩.૦૦ મીટરની ઉંચાઈએ રાખવાનું રહેશે અન્યથા જાહેરાતનું બોર્ડ બીન અધિકૃત (પરવાનગી વિનાનું) ગણીને ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા ઉતરાવી નાખશે વધુમાં તમામ બોર્ડ સુરત મહાનગરપાલિકાના અધિકૃત કર્મચારી / અધિકારી જે ડીમાર્કેશન કરી આપે તે મુજબ જ મુકવાના રહેશે.

**[F] જાહેરાત કરવાની શરતો બાબતઃ–**

(૧) ઈજારદાર જાહેરાતના બોર્ડ પર અયોગ્ય, અશ્લીલ કાયદા અન્વયે પ્રતિબંધિત તેમજ જાહેર સુરૂચીને ભંગ કરે તેવી કોઈ પણ જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહિ અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ મહાનગરપાલિકા ઈજારદારના ખર્ચે અને જોખમે વગર નોટીસે દુર કરી નાખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે ઈજારદારના પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨) ઈજારદાર દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ જાહેરાત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, ખાતા, વિભાગ દ્વારા વાંધો રજુ કરવામાં આવે તો તેવી જાહેરાતો બાબતે સ્પષ્ટતા / ખુલાસા ઈજારદાર પાસેથી સુરત મહાનગરપાલિકા માંગી શકે છે અને જે જાહેરાત બાબતે કોઈને વિરોધ છે તે જાહેરાત વાંધાજનક ન હોવા બાબતે સંતોષકારક / અધિકૃત પુરાવાઓ સહિતનો જવાબ ઈજારદારે રજુ કરવાનો રહેશે.

(૩) જાહેરાતના બોર્ડ/લોગો/લખાણને લીધે કોઈ પણ વ્યકિત અગર સંસ્થાને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૪) પરવાનો લેનાર પરવાનાની શરતોનું પાલન કરવામાં કસુર કરશે તો મ્યુનિસીપલ કમિશ્નરને ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે. કરારના ભંગના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે. પરવાનેદારે પરવાનાની શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે બાબતો મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પરવાનો લેનારને તે બંધનકર્તા રહેશે.

(૫) કોઈપણ ટેન્ડરરની સુરત મહાનગરપાલિકા ધ્વારા આ અગાઉ મંજુર કરેલ જાહેરાત અંગેના હોર્ડિંગ્સ, કિયોસ્ક, બસ સ્ટેન્ડ વિગેરે કામોએ ભાડાની રકમ બાકી હશે તો ટેન્ડરરનું ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૬) ઈજારદારે ઓફર આપતા પહેલા ટેન્ડરમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોની સ્થળ પરિસ્થિતી તથા તેનો હદ વિસ્તાર વિગેરે પુરેપુરો રૂબરૂમાં જોયો છે તથા તમામ માધ્યમો ઉપર પ્રદર્શિત કરવામાં આવનાર બોર્ડ / જાહેરાતો દ્રશ્યમાન (વીઝીબલ) હોવાની ખાત્રી કરેલ છે તેમ માની લેવામાં આવશે. પાછળથી આ બાબતે કોઈ તકરાર ચાલશે નહી.

(૭) ઈજારદારે ટેન્ડરમાં જણાવેલ ભાવો / ઓફર પ્રમાણેની નિયત પુરેપુરી રકમ તાકીદે ભરવાની રહેશે અને જો કોઈ માધ્યમ પર ઈજારદાર ધ્વારા જાહેરાત કરવામાં ન આવે તો પણ પુરેપુરી લાયસન્સ ફીની રકમ સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહેશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

(૮) ઈજારદાર ઈચ્છે તો પોતાના ખર્ચે અને જોખમે જાહેરાતના બોર્ડ બેકલીટ અથવા ફ્રન્ટલીટ ટાઈપના રાખી શકશે. જેને માટેની જરૂરી વીજ વ્યવસ્થા જોડાણ, તમામ સાધન – સામગ્રીની વ્યવસ્થાઓ ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે અને વીજ પુરવઠો મેળવવાની તેમજ વીજ વપરાશ અંગેના લાઈટ બીલો ભરવાની, જરૂરી મેઈન્ટેનન્સ/ જાળવણી કરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. સુરત મહાનગરપાલિકા તરફથી વીજ પુરવઠો મેળવવા માટે જરૂરી "ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવશે.

(૯) સરકાર દ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચાર સંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન ઈજારદાર ઉકત ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈ જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિસ્થિતિ/પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) સદર કામે ટેન્ડરમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોના બોર્ડ / સ્ટ્રકચરની નિયમિતરૂપે સાફ–સફાઈ, ચકાસણી તથા નિરિક્ષણ કરવાનું રહેશે. જાહેર જનતાના મેળાવડા કે અન્ય સામાજીક / ધાર્મિક પ્રસંગો દરમ્યાન વિશેષ કાળજી રાખીને જાહેરાતના તમામ બોર્ડની ચકાસણી કરી લેવાની રહેશે તથા કાયદાથી પ્રતિબંધિત હોઈ તેવી વાંધાજનક / નુકશાનકારક, વિસ્ફોટક કે અન્ય બિનવારસી ચીજ–વસ્તુઓ મુકવામાં આવે નહી તેની કાળજી રાખવા તેમજ આવી કોઈ વસ્તુ જણાય તો તાત્કાલિક જવાબદાર ખાતા / વિભાગને જાણ કરવાની રહેશે. સ્વચ્છતા/આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવાની રહે છે.

(૧૧) દરેક બોર્ડ ઉપર સુરત મહાનગરપાલિકાનો લોગો, સંસ્થાનું નામ, બોર્ડનો ક્રમાંક તથા ટેલીફોન નંબર, પરવાનગીની વિગત, પરવાનગીનો સમયગાળો દુરથી દેખાય તે રીતે ફરજીયાત લખવાનો રહેશે.

(૧૨) રોડ, ટ્રાફિક સાઈન, સિગ્નલને અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહી.

(૧૩) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશીત કે નિયોન પ્રકારની જાહેરાતના બોર્ડ મુકવાની પરવાની આપવામાં આવશે નહી.

ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે. સદર ટેન્ડર સંદર્ભે કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્ન ઉભા થશે તો તે અંગેનું કાયદાકીય/ ન્યાયિક ક્ષેત્ર સુરત રહેશે.

**ટેન્ડરરની સહીઃ–**

**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

## પત્રક–૪

# જાહેરાત માટેના બોર્ડ (હોર્ડિંગ્સ)ની વિગતો દર્શાવતુ પત્રક

### સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાતો પ્રદર્શીત કરવાના હકકો મેળવવા અંગેનું કામ

| SR | e-Tender No. | UPIN | Description of Location | W (Ft) | H (Ft) | Size (Sq. Ft) |
|---|---|---|---|---|---|---|
| 1 | SMCADVTPD1819030 | SMCADVT1819WZ016 | At library ward no.17/a,adajan gam | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ024 | Opposite Titanium Square, Near Public Toilet, Adajan Gam Char Rasta | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ074 | At the corner of Kalapi Garden, Opposite Gujarat Gas CNG Station | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ075 | At the opposite corner of Kalapi Garden Near Gujarat Gas CNG Station | 20 | 10 | 200 |
| 2 | SMCADVTPD1819031 | SMCADVT1819WZ073 | At the Right Hand Corner of Kalpana Chawla Marg to Chatrapati Shivaji T Junction | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ013 | NEAR ROYAL RESIDENCY, ADAJAN CROSS WAY TO COZY WAY | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ020 | NEAR TAPTI RESTAURANT, BEHIND GANGESHWAR TEMPLE, RANDER | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ072 | At the Left Hand Corner of Kalpana Chawla Marg to Chatrapati Shivaji T Junction | 20 | 10 | 200 |
| 3 | SMCADVTPD1819032 | SMCADVT1819WZ041 | At the on lininer garden V4U Traffice Circle, Pal | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ042 | At on lininer garden V4U Traffic Circle corner leading to LP Savani Circle, Pal | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ043 | At the corner of Baagbaan Party Plot, Palanpur Road | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ044 | Opposite Aayush Medical Store, towards Palanpur Road | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ045 | Opposite Aayush Medical Store, towards Palanpur Gam Road | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ046 | Opposite to Raj World Shopping Center, At Palanpur Canal Cross Roads | 20 | 10 | 200 |
| 4 | SMCADVTPD1819033 | SMCADVT1819WZ029 | At the left corner of Galleria Street toward Hajira Adajan Road (Landmark: Marvella Business Hub) | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ030 | On pal r.t.o.footpath | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ031 | At the rght corner of T junction to Hajira end point | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ032 | At the left corner of T junction to Hajira end point | 20 | 10 | 200 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | SMCADVTPD1819034 | SMCADVT1819WZ033 | At the left corner of Galaxy Circle towards Pratham Circle | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ034 | At Kiran Motors corner of Galaxy Circle | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ035 | At Axis Bank corner of Galaxy Circle | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ036 | At Punjab National Bank corner of Galaxy Circle | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ0101 | On linear park near times cinema,Pal. | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ0102 | On linear park near times cinema,Pal. | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ0103 | On linier garden near raj arcade | 20 | 10 | 200 |
| 6 | SMCADVTPD1819035 | SMCADVT1819WZ037 | At the Corner of Pal Talav of SMC Linear Park Circle | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ038 | Opposite to Pal Talav and DR Pizza, Near Linear Park | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ039 | Opposite end of Linear Park towards Pal Road | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ040 | At the circle end of Linear Park, Pal | 20 | 10 | 200 |
| 7 | SMCADVTPD1819036 | SMCADVT1819WZ004 | RUSHABH CROSS ROADS TO DIWALI BAUG SOCIETY | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ014 | NEAR MASZIDE-E-ROSHAN, 80 FT ROAD, RANDER | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ053 | Opposite to Sugar n Spice Hotel Tadvadi, Near SMC West Zone Office BRT, Rander | 20 | 10 | 200 |
| 8 | SMCADVTPD1819037 | SMCADVT1819WZ015 | MADHAV PARK, PALANPUR ROAD, RANDER | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ051 | Opposite Lifeline Hospital, Ramnagar Char Rasta, Rander | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ052 | At the left corner of sardar vallabhbhai patel road joining to Rander Road, Rander | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ082 | At Rander Road, Opposite Axis Bank, Near Palanpur Patiya Circle | 20 | 10 | 200 |
| 9 | SMCADVTPD1819038 | SMCADVT1819WZ010 | NEAR BHAGYALAKSHAMI SOCIETY, JAHANGIRPURA ROAD | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ011 | BEHIND BHANKI STADIUM, OPP SUBHAS GARDEN | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ047 | Opposite Corner of SMC Netaji Subhaschandra Bose Udhan, Jahangirpura | 20 | 10 | 200 |
| | | SMCADVT1819WZ048 | At the Corner of SMC Netaji Subhaschandra Bose Udhan, Jahangirpura | 20 | 10 | 200 |

**ટેન્ડરરની સહીઃ–**

**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**